# સ્વાઈન ફલુના દર્દીને મફત સારવાર મળે તે જરૂરી : કોર્ટ

## રાજ્ય સરકારના વલણ સામે હાઈકોર્ટમાં અપીલ : હવે અસરગ્રસ્તોને ખાનગી હોસ્પિટલ મફત અને યોગ્ય સારવાર આપે તેની ખાતરી કરવા રાજ્ય સરકારને આદેશ

અમદાવાદ,તા. ૧૯

ગુજરાત હાઈકોર્ટે આજે અતિ મહત્વપૂર્ણ આદેશ સ્વાઈન ફલુના સંદર્ભમાં આપ્યો હતો. સ્વાઈન ફલુ અંગે ઉદાસીનતાનો આક્ષેપ કરી દાખલ કરવામાં આવેલી અરજી ઉપર ગુજરાત સરકારને નોટિસ પણ આપવામાં આવી છે.

સ્વાઈન ફલુથી ગુજરાતમાં ૧૭૦થી વધુના મોત થઈ ચુક્યા છે ત્યારે સ્વાઈન ફલુને રોકવા માટે કયા પગલા લેવાયા છે તે અંગે માહિતી આપવા રાજ્ય સરકારને સૂચના આપવામાં આવી છે. સાથે સાથે કેટલાક આદેશો પણ કર્યા છે જેના ભાગરુપે ખાનગી હોસ્પિટલોમાં ગરીબ લોકોને યોગ્ય સારવાર મળે તેની ખાતરી કરવા રાજ્ય સરકારને કહેવામાં આવ્યું છે. દવાનો પુરતો પુરવઠો છે કે કેમ, ગરીબોને ખાનગી હોસ્પિટલમાં યોગ્ય સારવાર મળી રહી છે કે કેમ તે અંગે ખાતરી કરવા કહેવામાં આવ્યું છે. જો ખાનગી હોસ્પિટલ સારવાર આપવામાં બેદરકારી દર્શાવશે અને સારવાર નહીં આપે તો તેમની સામે પગલા લેવામાં આવશે. સીલ પણ મારી શકાય છે પરંતુ આ અંગે અંતિમ નિર્ણય રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવશે.

કોર્ટે આ આદેશ રાજ્ય સરકાર પર આક્ષેપ કરીને દાખલ કરવામાં આવેલી અરજીના આધાર પર આપ્યો હતો. કાર્યકારી ચીફ જસ્ટિસ વીએમ સહાય અને જસ્ટિસ આરપી ધુલારિયાની બનેલી હાઈકોર્ટની બેંચે અસરગ્રસ્ત દર્દીઓને મફત સારવાર આપવા ખાનગી હોસ્પિટલ કોઈ બેદરકારી ન કરે તેની ખાતરી રાજ્ય સરકારને આદેશ કર્યો છે. પુરતી દવાઓ ખાનગી હોસ્પિટલમાં મળે તે પણ જરૂરી છે. બેંચે દર્દીઓને મફત સારવાર આપવા સરકાર દ્વારા લેવામાં આવેલા પગલા પર નજર રાખવા રાજ્યના ચીફ સેક્રેટરીને આદેશ કર્યો છે. ૨૬મી ફેબ્રુઆરીના દિવસે અહેવાલ રજૂ કરવા પણ કહેવામાં આવ્યું છે. ૨૬મીએ આગામી સુનાવણી હાથ ધરાશે. લો ગ્રેજ્યુએટ દેવર્શી પટેલ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં આક્ષેપ કરાયો છે કે, સરકાર સ્વાઈન ફલુના ફેલાવવાને રોકવા પગલા લઈ રહી નથી.


### હાઈકોર્ટે શું કહ્યું..

- સ્વાઈન ફલુના ફેલાવાને રોકવા કયા પગલા લેવાયા તે અંગે વિગત આપવા રાજ્ય સરકારને આદેશ
- અસરગ્રસ્ત દર્દીઓને મફત સારવાર મળે તેની ખાતરી કરવા રાજ્ય સરકારને સૂચન
- ખાનગી હોસ્પિટલ મફત સારવાર આપે તે જરૂરી
- ગરીબ લોકોને તરત અને મફત સારવાર આપવા સૂચન
- દર્દીઓને મફત સારવાર આપવા સરકાર દ્વારા લેવાયેલા પગલા પર નજર રાખવા રાજ્ય ચીફ સેક્રેટરીને આદેશ
- સુનાવણીની આગામી તારીખ એટલે કે ૨૬મીએ અહેવાલ રજૂ કરવા પણ આદેશ કરાયો
- સ્વાઈન ફલુના કારણે ૧૭૬ લોકોના મોત થઈ ચુક્યા છે ત્યારે જાહેરહિતની અરજી દાખલ કરવામાં આવ્યા બાદ ગુજરાત હાઈકોર્ટે જરૂરી આદેશો જારી કરતા વધુ તેજી
- ખાનગી હોસ્પિટલો ઉપર પણ તવાઈ

## વડીલોને વંદન અભિનંદન



કુમુદબેન કનુભાઈ શાહ
(૧૯૩૯) ફોન : ૨૩૨૨૬૮૧૫



પી.જી. ઠાકર
(૧૯૩૫) મો. ૯૪૦૯૨૮૫૬૮૯



પી. એ. અન્નમ
(૧૯૩૮) મો. ૯૯૭૮૯૨૫૦૫૩

## શિવ મહિમા દિનનું રંગેચંગે સમાપન

દયાળુ દેવ એટલે ભગવાન શિવ, પથ્વી પરના કોઈ પણ જીવાત્માને એક ઓમ નમઃ શિવાયના જાપથી પરમાત્મા સુધી પહોંચાડે છે. શિવરાત્રિના પાવન પર્વે લક્ષ્મીપુરા પંથક પુરાતન શિવાલયો નિલકંઠ મહાદેવ, આંબળાઝેર મહાદેવ વગેરેમાં ભકતોએ હૃદયના ભાવથી શિવની આરાધના કરી દૂધની એક જલધારા અને પુષ્પથી ભોળાનાથને રીઝવી રહ્યા હતા. બમબમ બોલે અને ઓમ નમઃ શિવાયના નાદ વચ્ચે પ્રિય પ્રસાદ ભાંગ, રબડી, ફળાહાર આરોગી મંદિરોની વ્યવસ્થામાં ભકતો સહભાગી બન્યા હતા.

## 'વુડા'ના અધ્યક્ષ તરીકે એન.વી. પટેલની નિમણુંક કરતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા.૧૯

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ-'વુડા'ના અધ્યક્ષ તરીકે શ્રી એન.વી. પટેલની નિમણુંક કરી છે તેઓના હોદ્દાની અવધિ ૩ વર્ષની રહેશે.



## વાવોલ ક્રોસીંગ પાસેના અકસ્માતમાં એક યુવાન ગંભીર

ગાંધીનગરના રોડ નં. ૩ના છેવાડે વાવોલ ના રેલવે ક્રોસીંગ નજીક સે-૧૪ પાસે સ્કુટર પર સવાર ઈન્દ્રોડા ગામના બે યુવાનો ટ્રક સાથે ધડાકાભેર ભટકાયા હતા. આ અકસ્માતના કારણે બંને યુવાનોને ઈજાઓ પહોંચી હતી. અને તેમને સારવાર અર્થે તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જયાં એક યુવાનની હાલત ગંભીર હોવાનું જણાવાયું હતું. (તસવીર : સમીર રામી)

## સોલામાં આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ભાવનાબેન ગોકલણીના સુર-મધુર કંઠે આનંદનો ગરબો અને અખંડ ધૂન ૨૧મી ફેબ્રુઆરી શનિવારે સવારે ૬.૩૯ કલાકે એસ.જી. હાઈવે પર આવેલ સોલા બ્રીજ નીચે બહુચર માતાજી મંદિરે યોજાશે. આનંદના ગરબાની શોભાયાત્રા આકાશ એલીગન્સ ખાતેથી નિકળી બહુચર માતાજીના મંદિરે જશે. બપોરે ૧૧ થી ૧૨.૩૦ વાગે પ્રસાદ વિતરણ થશે.

## આજે ગાંધીનગરનું એક દંપતી તેમના લગ્ન જીવનની સુવર્ણ જયંતિ ઉજવશે

ગાંધીનગર, તા.૧૯

આજના યુગમાં યુવાનો પ્રેમ કરીને લગ્ન કરે છે અને તેમના આ પ્રેમ લગ્નો પરથી થોડાક સમયમાં વાસ્તવિકતાનો સામનો થતા સ્નેહનો વરખ ઉતરવા માંડે છે પછી લગ્ન જીવન બોજા રૂપ બની જાય છે. આ સંજોગોમાં આજના યુગમાં પણ એવા પરિણિત યુગલો પાંચ પાંચ દાયકા સુધી સુખી દાંપત્યજીવન ભોગવીને સુવર્ણ જયંતિ ઉજવતા હોય ત્યારે તે આ યુવાનો માટે ખરેખર માર્ગદર્શન રૂપ બની જતા હોય છે.

## પાલજમાં ૩૫ વર્ષિય પરિણીતાનું દાઝી જવાથી મૃત્યુ

ગાંધીનગર નજીક સ્થિત પાલજ ગામમાં રહેતી ૩૫ વર્ષીય પરિણીતા પોતાના ઘરે પ્રાઈમસમાં કેરોશીન ભરી રહી હતી ત્યારે અચાનક જાળ લાગતા પરિણીતા શરીરે ગંભીર રીતે દાઝી ગઈ હતી. ગંભીર હાલતમાં ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવેલી પરિણીતાનું સારવાર દરમ્યાન પ્રાણ પંખેરૂ ઉડી જવા પામ્યું હતું. ચિલોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે. પાલજ ગામમાં રહેતા જશુભાઈ શંકરભાઈ રાવળની પત્નિ હંસાબેન રાવળ પોતાના ઘરે ચા બનાવી રહી હતી ત્યારે પ્રાઈમસમાં કેરોસીન ઓછુ હોવાથી કેરોસીન ભરવા ગઈ અને અચાનક ભડકો થયોને જાણ કપડા પર લાગતા શરીરે ગંભીર રીતે દાઝી ગઈ હતી. અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. સારવાર તેણીનુ મૃત્યુ નિપજ્યું હતું.

### મંદીની ઝપટમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કૃષિ વિષયક ધિરાણ માટો પણ ખેડૂતોએ ઓછો ઉત્સાહ બતાવ્યો છે. જિલ્લાના અર્થતંત્રમાં પ્રાણ ફુંકવા બેંકોએ ફાર્મર્સ કલબો ઉભી કરી છે તેમજ ધિરાણ માટેના અભિગમો પણ બદલાવ લાવ્યા છે છતાં તેને ધારી સફળતા મળી રહી નથી જે સૌની ચિંતાનો મુદ્દો છે.

મળતી વિગતો પ્રમાણે બેંકોમાં ડિપોઝીટ કરતાં અન્ય રોકાણોમાં વધુ વ્યાજ મળતું હોવાથી બેંકોની ડિપોઝીટસમાં ઘટાડો જોવા મળી રહ્યું હોવાનું કારણ બહાર આવ્યું છે. જિલ્લાનો ક્રેડિટ-ડીપોઝીટ રેસિયો ૫૦ ટકા કરતાં વધુ હોયતો સારી સ્થિતિ કહી શકાય પરંતુ હાલ જિલ્લાનો આ દર ડિસેમ્બર અંતિત ૪૨.૫ ટકા જેટલો જ નોંધાયો છે. અર્થતંત્ર જે રીતે મંદીમાં સપડાયું છે તેને બહાર લાવવા હવે કેવા પ્રયાસો હાથ ધરાય છે તેના પર સૌની નજર મંડાયેલી છે.


### આયોજન મંડળની બેઠક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આયોજન આખરી થઈ શક્યું ન હોવાનું સૂત્રોમાંથી જાણવા મળેલ છે. મળતી બિન સત્તાવાર વિગતો પ્રમાણે માર્ચ પહેલાં જિલ્લા આયોજનના કામો મંજૂર કરી દેવા જણાવાયું છે. જો કે કુડાસણમાં આયુર્વેદ દવાખાનાની મંજૂરી રદ કરવામાં આવી હોવાનો મુદ્દો અને છેલ્લા વર્ષમાં રદ કરાયેલા કામોનો મુદ્દો આજની બેઠકમાં ચર્ચાય તેવી શક્યતાઓ છે.

### પ્રાર્થના દરમિયાન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ રોજબરોજ નવા કેસો નોંધાય છે. વિકરાળ બનતા સ્વાઈન ફલુના કહેરથી બચવા આમ નાગરિકોમાં જાગૃતિ કેળવાય તેવા પ્રયાસો હાથ ધરાયા છે. શહેરની શાળાઓમાં પણ સ્વાઈન ફલુના રોગચાળાથી બચવા અને આ અંગે જાગૃતિ કેળવવા વિદ્યાર્થીઓને પ્રાર્થના દરમિયાન આ અંગે યોગ્ય જાણકારી આપવામાં આવશે. આ ઉપરાંત સ્વાઈન ફલુ અંગે વિદ્યાર્થીઓ તેમજ તેમના પરિવારજનો જાગૃત થાય તે માટે ઘરે ઘરે અવેરનેસ કેળવવા જરુરી સાહિત્યનું પણ વિતરણ કરવામાં આવશે. તંત્ર દ્વારા સ્વાઈન ફલુ અંગેના લક્ષણો અને તેનાથી બચવાના ઉપાયો દર્શાવતા સાહિત્યનું વિદ્યાર્થીઓને વિતરણ કરશે જયારે સ્કુલ પ્રાર્થના દરમિયાન પણ વિદ્યાર્થીઓને સ્વાઈન ફલુ રોગચાળાથી બચવા તેમજ તે અંગે માહીતગાર કરવામાં આવશે.

## શબ્દાવલી - ૫૬૪૮



### આડી ચાવી

- ૧. દ્વારપાળ (૪)
- ૪. તંદુરસ્ત, રોગ વિનાનું (૩)
- ૫. નુર, તેજ, કાંતિ (૨)
- ૬. નવું હિન્દીમાં (૩)
- ૭. સિંહ, સાવજ (૪)
- ૧૦. હમણાં સુધી, આજ દિવસ સુધી (૪)
- ૧૨. એક ધાન્ય (૩)
- ૧૩. બીક, ભય (૨)
- ૧૪. બરબાદ, ખેદાનમેદાન (૩)
- ૧૬. શાંત, અવાજ વિનાનું (૩)
- ૧૮. રટણ, નામ, સ્મરણ (૨)
- ૧૯. બરાબર, વ્યવસ્થિત (૪)
- ૨૧. ખપ, જરૂર, પરવા (૩)
- ૨૨. પસ, રસી (૨)

### ઊભી ચાવી

- ૨. નકામુ, વ્યર્થ (૪)
- ૩. માણસ, પુરુષ (૨)
- ૪. બરાબર નિશાન તાકનાર (૫)
- ૬. જોવું તે, લક્ષ (૩)
- ૮. રાજા, ગુપ્ત બાબત (૨)
- ૯. સ્હેજ, લગાર (૨)
- ૧૦. પડદો, ભીંત (૩)
- ૧૧. લાઇન (૩)
- ૧૫. તંબુ, છાવણી (૩)
- ૧૬. ઉપજ, આવક (૩)
- ૧૭. ખરાબ (૩)
- ૧૮. પૈસો, ઝવેરાત (૨)
- ૨૦. પ્યાલો, વિજેતાને અપાતું પ્રતિક (૨)

### શબ્દાવલી ૫૬૪૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) વાવાઝોડુ (૫) ખરલ (૭) નકુચો (૮) સ્વર (૯) ગામડીયો (૧) રહેમ (૧૩) જહેમત (૧૫) ડઝન (૧૬) લત (૧૭) કફન (૧૯) મવાલી (૨૧) ચમક (૨૨) ચક્ષુ

**ઊભી ચાવી :-** (૧) વાનર (૩) ઝોકુ (૪) ડુચો (૫) ખતમ (૬) લહિયો (૮) સ્વરાજ (૯) ગામ (૧૦) ડીવિઝન (૧૧) રમત (૧૨) હેત (૧૪) હેલ (૧૫) ડફલી (૧૭) કવાલી (૧૮) લાંચ (૨૦) ભિક્ષુ

# બાયડના વાત્રક ગઢ ગામે ખારી નદીમાંથી મૃત હાલતમાં મગર મળ્યો

## મગરનો ઉપયોગ તાંત્રીક વિધી માટે થયો હોય તેવી શંકા

(જીતેન્દ્ર પટેલ ધ્વારા) મોડાસા, તા.૧૯

અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના વાત્રક ગઢ ગામે થોડાક સમય અગા ખારી નદીમાં મગર આવ્યા હોવાની ચર્ચા એ જોર પકડયુ હતુ અને આ મગર ધ્વારા નદી પાસે ચરતા બકરાનુ મારણ કરવામાં આવ્યુ હતુ ત્યારે આ બાબતે વન વિભાગ ધ્વારા મગર પકડવા માટે પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા. પરંતુ વન વિભાગને આ કામમાં સફળતા મળી ન હતી.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

આ અંગે પ્રાપ્ત માહીતી અનુસાર બાયડ નજીક આવેલ વાત્રક ગઢ ગામે આવેલી ખારી નદીમાં ગ્રામજનો ધ્વારા મગર જોવામાં આવ્યો હતો જેને લઈને વન વિભાગને જાણ કરવામાં આવી હતી. ત્યારે આ બાબતે વન વિભાગ ધ્વારા આ નદીના ઉંડા પાણીમાં મગર હોવાની ચેતવણી આપતુ બોર્ડ પણ લગાવવામાં આવ્યુ હતુ. ત્યારે આજે બપોરના સુમારે ગ્રામજનોએ મગરને મૃત હાલતમાં જોતા લોકોના ટોળે ટોળા એકઠા થઈ ગયા હતા. ત્યારે આ અંગે વન વિભાગને જાણ કરવામાં આવતા વન વિભાગ ધ્વારા મગરને નદીમાંથી બહાર કાઢીને મગરની અંતિમક્રીયા કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે આ મગરના મૃતદેહમાંથી પંજાના નખ કાઢેલા જોવા મળ્યા હતા અને પુછડી પણ કાપેલી હતી ત્યારે આ મગરનો ઉપયોગ કોઈ તાંત્રીક વિધી માટે થયો હોવાની શંકા ઉપજાવતુ હતું.

### તાંત્રીક વિધી માટે મગરનો નખ અને પુંછડીનો ઉપયોગ થયો હોવાની શંકા

અરવલ્લી જિલલાના બાયડ તાલુકાના વાત્રક ગામે આજે ખારી નદીમાંથી મગરનો મૃતદેહ મળી આવ્યો હતો. ત્યારે આ મગરના મૃતદેહમાંથી મગરના પંજામાંથી નખ કાઢી લીધેલા હતા અને પુંછડુ કપાયેલુ હતુ ત્યારે આ મગરનો ઉપયોગ કોઈ તાંત્રીકો ધ્વારા તાંત્રીક વિધીમાં થયો હોય તેવી શંકા ઉપજાવે છે.



રાજયમાં સ્વાઈન ફલુએ માઝા મુકી છે. દર્દીઓ ઘટવાને બદલે વધી રહ્યા છે. ત્યારે સ્વાઈન ફલુના આતંકથી નાગરિકોને દુર કરવા ભવાની ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સે-૬ સ્થિત પરફેકટ મોટર ટ્રેઈનિંગ સ્કુલ ખાતે ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉકાળો ૧૮ થી ૨૦ તારીખ સુધી સવારે ૯-૦૦ વાગ્યાથી વિતરણ કરવામાં આવી રહ્યો છે.

### ઉત્સવ સાથે જોડવા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શ્રોતાઓને સ્વાઈન ફલુના માસ્કનું વિતરણ પણ કરવામાં આવશે.

સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજનથી સમાજમાં અને આવનારી પેઢીમાં સંસ્કાર સિંચન માટે પ્રયત્નશીલ ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્તભાઈ જહાએ જણાવ્યું હતું કે મોસમને માનસિકતા સાથે વિશિષ્ટ સંબંધ છે. ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા શિશિર ઋતુમાં પાનખરની મોસમને વધુ યાદગાર બનાવવા અને શિશિર પછી તરત જ આવતી વસંત ઋતુને આવકારવા 'શિશિરોત્સવ'નું આયોજન કરાયું છે. ઈન્ફોસીટી કલબ એન્ડ રિસોર્ટ, ચ-૦ પાસે, ગાંધીનગર ખાતે સાંજે ૭-૦૦ વાગ્યાથી બંને દિવસ આ કાર્યક્રમ યોજાશે.

તારીખ ૨૧મી ફેબ્રુઆરી એ 'વિશ્વ માતૃભાષા દિવસ' અંતર્ગત યોજાનારા 'ગુર્જરી મહોલાત' કાર્યક્રમમાં ગુજરાત સંગીત નાટક અકાદમીના અધ્યક્ષશ્રી યોગેશભાઈ ગઢવી ઉપરાંત ગુજરાતના લોક ગાયકો અરવિંદ વેગડા, આદિત્ય ગઢવી, વત્સલા પાટીલ તથા સુખદેવ ધામેલીયા અને સાઈરામ દવે ગુજરાતી ગવન અને કવનની અખૂટ મહોલાત રજૂ કરશે.

તા. ૨૨મી ફેબ્રુઆરીએ 'શિશિર સિમ્ફની' કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ, રાજકોટ, ભૂજ અને મુંબઈના સંગીતકારોના જમ્બો ઓર્કેસ્ટ્રા સાથે ફિલ્મ સંગીતકાર સમીર રાવલના સંગીત નિયોજનમાં ગુજરાતના વરિષ્ઠ ગાયક કલાકાર કમલેશ આવસ્તથી ઉપરાંત હિમાંશુ ત્રવેદી, વિશ્વનાથ બાટુંગે, દર્શના ગાંધી, આનલ વસાવડા, પાયલ વૈદ્ય, માના રાવલ, શિવાંગ દવે, નિરવ ઠકકર અને ઋત્વિજ પંડયા આશા ભોંસલેથી અરિજીત સિંગ સુધીના હિન્દી ફિલ્મોના સદાબહાર ગીતો રજૂ કરશે. સ્ટાર પ્લસ ટીવીના ગાયન સ્પર્ધા 'રો સ્ટાર'માં ફાઈલ સુધી પહોંચેલા ગાંધીનગરના યુવાન ગાયક દર્શન રાવલ પણ આ કાર્યક્રમ દરમિયાન ગાંધીનગરના પ્રેક્ષકો સમક્ષ સૌ પ્રથમવાર રજુ થશે. માય.એફ.એમ. રેડિયોના આર.જે. વિશાલ 'શિશિર સિમ્ફની'નું સંચાલન કરશે.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
BENELAVE BATH FITTINGS
DR.FIXIT
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર)
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ